**નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત**

**સાફલ્યગાથા તા.૨૪/૦૫/૨૦૨૧ થી ૩૦/૦૫/૨૦૨૧**

| કચેરી/ શાખા / | કરેલ સારી કામગીરી |
|---|---|
| વાંસદા પોલીસ સ્ટેશન અધિકારી/ કર્મચારીઓ | 'પાર્ટ-સી-૧૧૮૨૨૦૦૩૨૧૦૫૨૪ /૨૦૨૧ પ્રોહી એકટ કલમ-૬૫AE,૮૧,૯૮(૨) મુજબ તહો.નાઓ એક બીજા મદદગારીથી ટાટા યોધ્ધા ૧૭૦૦ પીકઅપ નંબર-GJ-15-AV-2443 માં પાછળ બોડીના ભાગે ભાતના પુરેટીયા(ઘાસ) નંગ-૫૦૦ જેની આશરે કિ.રૂ.૧,૦૦૦/- ની ઓથમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂની બાટલીઓ તથા ટીનબીયરની કુલ બાટલીઓ નંગ-૯૬૦ જેની કિ.રૂ.૫૨,૮૦૦/- તથા ટાટા યોધ્ધા ૧૭૦૦ પીકઅપ નંબર-GJ-15-AV-2443 ની કિ.રૂ.૪,૦૦,૦૦૦/- તથા આરોપીઓની અંગઝડતી માંથી મળી આવેલ મોબાઇલ ફોન નંગ-૨ જેની કિ.રૂ.૫,૫૦૦/- ગણી તમામ મુદ્દામાલની કિ.રૂ.૪,૫૯,૩૦૦/- નો મુદ્દામાલ સાથે આરોપી ડીટેઇન કરી આગળની કાર્યવાહી કરવામાં આવેલ. |
| ચીખલી પોલીસ સ્ટેશન અધિકારી/ કર્મચારીઓ | 'પાર્ટ-સી ૧૧૮૨૨૦૦૯૨૧૦૬૪૧ પ્રોહી એકટ કલમ-૬૫-એ.ઈ, ૮૧, ૯૮(૨) મુજબ આરોપીના પોતાના કબ્જાની વાદળી કલરની અતુલ ટેમ્પો-રીક્ષા રજી.નંબર GJ-05-CT-1696 માં ગેરકાયદેસર વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશીદારૂ વિશ્કીની બાટલીઓ નંગ-૫૫૮ જેની કિ.રૂ. ૨૭,૯૦૦/- નો પ્રોહી મુદ્દામાલ તથા પકડાયેલ આરોપીની અંગઝડતી માંથી મળી આવેલ મોબાઇલ ફોન નંગ-૧ જેની કિં.રૂ.૫૦૦/- તથા વાદળી કલરની બજાજ રી ઓટો રીક્ષા નંબર GJ-15-TT-2082 જેની કિ.રૂ.૧,૦૦,૦૦૦/- મળી કુલ કિં.રૂ.૧,૨૮,૪૦૦/- ના પ્રોહી મુદ્દામાલની ફેરા ફેરી કરતા પોલીસની નાકાબંધી દરમ્યાન આરોપી ડીટેઇન કરી આગળની કાર્યવાહી કરવામાં આવેલ. |
| બીલીમોરા પોલીસ સ્ટેશન અધિકારી/ કર્મચારીઓ | બીલીમોરા પો.સ્ટે પાર્ટ સી ગુ.ર.નં. ૧૧૮૨૨૦૦૬૨૧૦૮૭૮/૨૦૨૧ પ્રોહી એક્ટ કલમ ૬૫-AE, ૧૧૬(૨) મુજબ આરોપી કિશન ઉર્ફે લાલુ નરેશભાઇ કો.પટેલ રહે- વાઘરેચ ઘોલ તા.ગણદેવી જી.નવસારી નાઓએ પ્રોહી પ્રતિબંધીત વિસ્તારમાં વગર પાસપરમીટ અને ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટનો વિદેશી દારૂની બાટલીઓ તથા ટીન બીયર કુલ્લે નંગ ૭૪૪ કિંમત રૂપિયા ૫૯.૦૪૦/-ની મત્તાનો પ્રોહી મુદ્દામાલ સાથે આરોપી ડીટેઇન કરી આગળની કાર્યવાહી કરવામાં આવેલ. |




<u>પ્રેસનોટ તા.૨૮/૦૫/૨૦૨૧</u>

**ગણદેવી પોલીસ સ્ટેશનના ગુનામાં નાસતા-ફરતા આરોપીને ડિટેઇન કરતી એલ.સી.બી./પેરોલ ફર્લો સ્કોડ, નવસારી**

નવસારી જીલ્લાના તેમજ જીલ્લા બહારના નાસતા ફરતા આરોપીઓની ધરપકડ કરવા અંગે પોલીસ અધિક્ષકશ્રી ઋષિકેશ ઉપાધ્યાય સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષકશ્રી એસ.જી.રાણા નવસારી વિભાગ, નવસારી નાઓએ પોલીસ ઇન્સપેક્ટર વી.એસ.પલાસ એલ.સી.બી નવસારી નાઓને જરૂરી સુચના આપેલ.

જે અન્વયે વી.એસ.પલાસ પોલીસ ઇન્સપેક્ટર એલ.સી.બી નવસારી નાઓએ પેરોલ ફર્લો સ્કોડ તેમજ એલ.સી.બી. નવસારીના પોલીસ માણસોને જરૂરી સુચના આપેલ. જે આધારે પો.સ.ઇ. એમ.જી.પાટીલ પેરોલ ફર્લો સ્કોડ એટેચ એલ.સી.બી. નવસારી તથા એ.એસ.આઇ. વિજયસિંહ દલપતસિંહ બ.નં.૭૧૦ નોકરી પેરોલ ફર્લો સ્કોડ એટેચ એલ.સી.બી. નવસારી, હે.કો. વિશાલભાઇ હરીભાઇ બ.નં.૧૮૦ નોકરી-પોલીસ હેડ ક્વાટૅર હાલ નાસતા-ફરતા સ્કોડ નવસારી તથા પો.કો. વિજયભાઇ મોહનભાઇ બ.નં.૨૭૫ નોકરી-નવસારી ટાઉન પો.સ્ટે. હાલ નાસતા-ફરતા સ્કોડ નવસારી નાઓ સાથે ખાનગી વાહનમાં નવસારી જીલ્લામાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન હે.કો. વિશાલભાઇ હરીભાઇ તથા પો.કો. વિજયભાઇ મોહનભાઇ નાઓને તેમના ખાનગી બાતમીદાર મારફતે હકીકત મળેલ કે, ગણદેવી પો.સ્ટે. પાર્ટ સી ગુ.ર.નં. ૧૧૮૨૨૦૧૨૨૧૦૬૮૫ પ્રોહી એક્ટ કલમ ૬૫એઈ, ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબના ગુનાના કામનો નાસતો ફરતો આરોપી <u>વિનયભાઈ ઉર્ફે વિજયભાઈ રાકેશભાઈ રાઠોડ ઉ.વ.૨૪ રહે. લક્ષ્મી ટોકીઝ પાછળ હક્કરબાપા વાસ પાછળ નવસારી તા.જી.નવસારી</u> નાનો હાલ પોતાના ઘરે હાજર છે. જે મળેલ બાતમી હકીકત આધારે આરોપીની તપાસ કરતા આરોપી મળી આવતા તે નાસતા-ફરતા હોવા અંગે ગણદેવી પોલીસ સ્ટેશનમાં ખાતરી કરતા તે ઉપરોક્ત ગુનામાં આજદિન સુધી નાસતો-ફરતો હોવાનું જણાય આવતા આરોપીને ડિટેઇન કરી આગળની વધુ કાર્યવાહી અર્થે ગણદેવી પો.સ્ટે. ખાતે સોંપવામાં આવેલ છે.



<u>પ્રેસ નોટ તા.૩૦/૦૫/૨૦૨૧</u>

**જલાલપોર પોલીસ સ્ટેશનની હદમાં સને ૨૦૧૮માં દાખલ થયેલ મોબાઇલ ચોરીનો ભેદ ઉકેલતી નવસારી એસ.ઓ.જી. ટીમ**

નવસારી જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી ઋષીકેશ ઉપાધ્યાય સાહેબ તથા ઇન્ચાર્જ નાયબ પોલીસ અધીક્ષકશ્રી આર.ડી.ફળદુ સાહેબ નાઓએ અનડીટેક્ટ ગુના શોધી કાઢવા આપેલ સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટરશ્રી કે.જી.લીમ્બાચીયા એસ.ઓ.જી. નવસારી નાઓએ જરૂરી માર્ગદર્શન આપેલ હોય જે આધારે

પો.કો નિલેશભાઇ રતીલાલ નાઓએ જલાલપોર પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં ૩૧/૨૦૧૮ ઇ.પી.કો કલમ ૩૭૯,૧૧૪ મુજબના કામે તા.૦૩/૦૫/૨૦૧૮ના રોજ ચોરીમાં ગયેલ આઇફોન ૮ પ્લસ મોબાઇલ ટેકનીકલ સર્વેલન્સ આધારે તપાસ કરતા વિજલપોર સંભાજીનગર ખાતે રહેતા નિલેશભાઇ મુરલીધર કનસે નાઓ પાસે હોવાની હકિકત જાણવા મળેલ.

જે હકિકત આધારે એસ.ઓ.જી પોલીસ માણસો એ.એસ.આઇ. કિશોરભાઈ ગુલાબભાઈ, અ.હે.કો. ભાવેશકુમાર જયમનલાલ, અ.હે.કો. દિનેશભાઇ ફુલસીંગભાઇ, અ.હે.કો. મોહમદ ફેસલ મકબુલ હુસેન, પો.કો. કલ્પેશભાઇ મોહનભાઇ , તથા પો.કો. કિરણકુમાર દિનેશભાઈ નાઓ સાથે વિજલપોર સંભાજીનગર ખાતે જઇ તપાસ કરતા નિલેશભાઇ મુરલીધર કનસે ઉ.વ ૩૫ રહે વિજલપોર સંભાજીનગર ગલી નંબર-૦૧ તા.જલાલપોર જી.નવસારી મુળ રહે લોનંદ ગામ શેરેચીવાડી તા.પલટન જી.સતારા મહારાષ્ટ્ર નાઓ હાજર મળી આવેલ. જેના કબ્જામાંથી ચોરીમાં ગયેલ મોબાઇલ આઇફોન ૮ પ્લસ મોબાઇલ કિ.રૂપીયા ૨૫,૦૦૦/- નો મળી આવતા કબ્જે કરવામાં આવેલ.

સદર પકડાયેલ ઇસમ નિલેશ મુરલીધર કનસે નાઓએ અમુલ ઉર્ફે લુકડ્યા મધુકર પાટીલ રહે. વિજલપોર સહયોગ સોસાયટી તા.જલાલપોર જી.નવસારી નાઓ પાસેથી ચોરીનો મોબાઇલ ખરીદ કરી પોતાની પાસે રાખી ગુનો કરેલ હોય પકડાયેલ આરોપીને સી.આર.પી.સી ૪૧(૧)ડી મુજબ ડીટેન કરેલ છે. ચોરીનો મોબાઇલ વેચનાર અમુલ ઉર્ફે લુકડ્યા મધુકર પાટીલને વોન્ટેડ જાહેર કરી આગળની કાર્યવાહી સારૂ વિજલપોર પો.સ્ટે ખાતે સુપ્રત કરેલ છે.